॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

બહુજન હિતાય-બહુજન સુખાય




'યોગ'ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ'બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

### ચાલો ઉજવીએ

# સર્વ જીવ શુભેચ્છા દિવસ

**આજના શુભ દિવસે આપ જગતના સર્વ જીવો માટે શું ત્યાગી શકો છો ?**

આપ આજના દિવસે સર્વ જીવો માટે ફક્ત શુભેચ્છાઓનું-શુભકામનાઓનું દાન કરો એવી આપને આગ્રહભરી વિનંતી છે.

આપણી પાસે બીજું કાંઈ ભલે ન હોય પરંતુ "સૌ સુખી થજો" એટલો શુભ-સંકલ્પ તો જરૂર છે. માટે આજે "વિશ્વના સર્વ જીવો સુખી થજો" એવી ભાવનામાં આપણે વધુમાં વધુ રહીને આ દિવસને ઉજવીએ.

કોઈ પણ પ્રકારનું આચરણ કરતાં પહેલા વિચાર કરવો પડે છે; આચરણથી પણ પહેલું સ્થાન વિચારનું-સંકલ્પનું છે. શુભ સંકલ્પ જબરજસ્ત શક્તિશાળી હોય છે. તે વર્તુળ પૂરું કરીને (સરકીટ કમ્પલીટ કરીને) જ્યાંથી ઉત્પન્ન થયો હોય છે ત્યાં પાછો આવીને સમાય છે, તેથી શુભસંકલ્પ કરનાર પોતે પણ સુખી થાય છે.

લાકડામાં રહેલો અગ્નિ પ્રગટે છે ત્યારે તે, તે લાકડાને પ્રથમ બાળે છે કે જેમાં તે રહ્યો છે તેમ ઈર્ષા-અગ્નિ પણ જે હૃદયમાં પ્રગટે છે તે હૃદયને પહેલા બાળે છે. શુભેચ્છા પણ જેમાં પ્રગટે છે તેને પ્રથમ સુખ આપે છે.

## જો શાંતિને આપીએ, તો શાંતિને પામીએ.

બાવળમાંથી કાંટા જ મળે છે અને આંબામાંથી કેરીઓ જ મળે છે તેમ અશાંતિમાંથી અશાંતી જ અને શાંતિમાંથી શાંતિ જ મળે છે. સારા કર્મો કરવાથી સુખ અને ખરાબ કર્મો કરવાથી દુઃખ જ મળે છે.

બાવળ, આંબો વગેરે જે જગ્યાએ વાવ્યા હોય તે જ જગ્યાએ ઊગે છે અને ફળ આપે છે તેથી તેની ફળપ્રાપ્તિની આપણને ખબર પડે છે. પરંતુ સુક્ષ્મ સત્-અસત્ કર્મો જ્યાં કર્યા હોય ત્યાંથી જ તુરત જ ફળ આપતા નથી તેથી તેની ફળપ્રાપ્તિની આપણને શીઘ્ર સમજણ પડતી નથી. સારું કે ખોટું કાર્ય અમદાવાદમાં કર્યું હોય તો તેનું સુખ કે દુઃખરૂપી ફળ મુંબઈ કે અન્ય સ્થળેથી પણ મળી શકે છે. સૂક્ષ્મ કર્મનો સૂક્ષ્મ નિયમ જલદી સમજમાં ઉતરે તેવો નથી, તેથી મનુષ્ય ગફલતમાં રહી જાય છે અને ખોટા કાર્યો કરીને દુઃખી થાય છે.

કોઇ બળવાન મનુષ્ય જતો હોય તેને લાફો મારવાનું આપણને મન થાય તો આપણે મન ઉપર કાબુ રાખીએ છીએ. કેમકે એ ખબર છે કે તેને આપણે એક લાફો મારીશુ તો તે સામેથી આપણને દસ લાફા ફટકારશે. પરંતુ નિર્બળને હેરાન કરતા આપણે થોડા પણ અચકાતા નથી કારણ કે આપણે એમ માનીએ છીએ કે તે ક્યાં કાંઈ કરી શકવાનો હતો ? પરંતુ સાવધાન ! તે કર્મનું ફળ દુઃખ પણ કર્મના સુક્ષ્મ નિયમ પ્રમાણે યથાસમયે જરૂર ભોગવવું જ પડે છે. માટે આટલું જરૂર યાદ રાખીએ કે—

(૧) બીજા જીવોને સુખી કરવાથી સુખી થવાય છે.
(૨) બીજા જીવોને દુઃખી કરવાથી દુઃખી થવાય છે.
(૩) બીજાઓને સન્માન આપવાથી સન્માન પમાય છે.
(૪) બીજાઓ તરફ ઇર્ષા કરવાથી ઇર્ષા મળે છે.
(૫) બીજાઓ ઉપર ક્રોધ કરવાથી ક્રોધ મળે છે.
(૬) બીજાઓનો તિરસ્કાર કરવાથી તિરસ્કાર મળે છે.
(૭) બીજાઓ માટે શુભેચ્છા રાખવાથી શુભેચ્છાઓ મળે છે.

— યોગભિક્ષુ

**નોંધ** :- ઓમ્પરિવારના ઉપક્રમે તા. ૧-૩-૮૭ ના રોજ 'સર્વજીવ શુભેચ્છા દિવસ'નો કાર્યક્રમ ઉજવાયો. આ કાર્યક્રમમાં ઉપરોક્ત લખાણના અને એવા પ્રેરણાદાયી અન્ય લખાણના લગભગ પચીસ હજાર ચોપાનીયાઓ વહેંચવામાં આવ્યા હતા.

ૠતમ્ભરા

(ૠતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)

(બહુજન હિતાય-બહુજન સુખાય)

અંક : ૧ | વર્ષ : ૪ | માનદ્ તંત્રી : નૈષધ વ્યાસ

# તંત્રી સ્થાનેથી

વાચકમિત્રોને આગ્રહભરી નમ્ર વિનંતી કે આ અંકમાં "આવી વિષમતા પોતાના સિવાય કોણ ટાળી શકે !?" એ શીર્ષક હેઠળનો લેખ જરૂર વાંચે અને વંચાવડાવે. સાંપ્રત સમાજમાં આપણી આસપાસ રોજબરોજ બનતા વિષમતાના પ્રસંગોને પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ શબ્દોના માધ્યમ દ્વારા તાદ્દશ્ય કર્યા છે. પ્રસંગો એટલા તો વહેવારુ અને વાસ્તવિક છે કે આપણી અને અન્યોની જિંદગીમાં આપણે ડોકિયું કરીએ તો આ પ્રસંગોને આપણે, પૂજ્યશ્રીના કહ્યા પ્રમાણેના જ અનુભવી શકીએ. આવી વાતોને વાંચી-સમજી-આચરીને બીજાને સમજાવવાનો પ્રયત્ન કરવો એ પણ બહુજનહિતાય-સુખાયનું કાર્ય જ છે.

: લવાજમના દર :

| | | |
|---|---|---|
| વાર્ષિક સભ્ય | (ભારતમાં) | રૂા. ૭-૦૦ |
| આજીવન સભ્ય | ,, | રૂા. ૨૦૦-૦૦ |
| વાર્ષિક સભ્ય | (પરદેશમાં) | ૭ ડૉલર |
| આજીવન સભ્ય | ,, | ૨૦૦ ડૉલર |

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેનાં સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.

– તંત્રી

: લવાજમ મોકલવાનુ સ્થળ :

(૧) ડૉ. સોમાભાઈ એ. પટેલ
૧-અ, પવિત્રનગર, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) શ્રી નૈષધ સી. વ્યાસ
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ, મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

સૂચના : લવાજમ ચેક દ્વારા અથવા મનીઑર્ડર દ્વારા ઓ. પ્રે. પ. ટ્રસ્ટના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ અને સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

# મુક્તા
## ( પાતંજલ યોગદર્શન-સમાધિપાદ )

– યોગભિક્ષુ

[પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી દ્વારા આલેખાયેલ મુક્તા' પુસ્તકમાંથી સાભાર]

વિરામના જ્ઞાનનો પૂર્વનો અભ્યાસ કરતાં કરતાં તેના માત્ર સંસ્કાર બચી રહે તેને અસંપ્રજ્ઞાત સમાધિ કહે છે. સંપ્રજ્ઞાત સમાધિને વિતર્ક, વિચાર, આનંદ અને અસ્મિતા; એમ કુલ ચાર પ્રકારની એકાગ્રતા દ્વારા પ્રાપ્ત કરી શકાય અથવા એ ચારેયના સમૂહને સંપ્રજ્ઞાત સમાધિ કહેવાય. અસંપ્રજ્ઞાત સમાધિ કોને પ્રાપ્ત છે? અસંપ્રજ્ઞાત સમાધિ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ?

ગયા અંકમાં આપણે સમજ્યાં કે જેઓ જન્મથી જ આવું જ્ઞાન પ્રાપ્ત કરીને આવે છે અને જેઓ વિદેહી અને પ્રકૃતિલયીની જેમ જીવે છે તેને અસંપ્રજ્ઞાત સમાધિ પ્રાપ્ત છે. પરંતુ તે સિવાયનાં બીજા સાધકો અસંપ્રજ્ઞાત સમાધિને કેવી રીતે મેળવી શકે ? તેનો ઉપાય પાતંજલ યોગદર્શનના વીસમા સૂત્રમાં બતાવવામાં આવ્યો છે.

**શ્રદ્ધાવીર્યસ્મૃતિ સમાધિપ્રજ્ઞાપૂર્વક ઇતરેષામ્ ॥૨૦॥**

**ભાવાર્થ :** બીજાંઓ શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ (સંપ્રજ્ઞાત) અને પ્રજ્ઞા દ્વારા (અસંપ્રજ્ઞાત સમાધિ) મેળવે છે.

**વિસ્તાર :** જેણે આ યોગને જન્મથી જ પ્રાપ્ત કરી લીધો છે તેની તો વાત હવે છે નહીં; પણ તેના માટે બીજાંઓએ શું કરવું ? જેને જન્મથી પ્રાપ્ત નથી અને પ્રાપ્ત કરવાની ઇચ્છા છે તેના માટે કોઈ ઉપાય છે ? તેના માટે કંઈ સાધના છે? તેનો જવાબ આ સૂત્ર આપી રહ્યું છે કે હા, તેનો પણ ઉપાય છે. અને તે :

શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞા તેનાં સાધનો છે. પહેલો પ્રકાર તે "ભવપ્રત્યય" અને બીજો પ્રકાર તે "ઉપાય પ્રત્યય". પહેલું તો જન્મથી જ જ્ઞાન છે અને આ તો ઉપાયથી જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. અસંપ્રજ્ઞાત યોગનું જ્ઞાન ઉપરોક્ત ઉપાયો અને સાધનાઓ દ્વારા અને જે સાધનો કહેવામાં આવ્યાં તેનો સહારો લઈને પ્રાપ્ત કરવાનું છે. કયાં સાધનો અને ઉપાયો બતાવવામાં આવ્યાં ?

પ્રથમ શ્રદ્ધા, બીજું વીર્ય, ત્રીજું સ્મૃતિ, ચોથું સમાધિ અને પાંચમું પ્રજ્ઞા. પ્રથમ તો શ્રદ્ધા હોવી જોઈએ. શ્રદ્ધા સિવાય મનુષ્ય કાંઈ કરી શકતો નથી. કોઈપણ કર્મ કે ક્રિયા તે કરે છે ત્યાર પહેલાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. શ્રદ્ધા સિવાય કોઈ કર્મ નિષ્પન્ન થઈ શકે નહીં અને જો કર્મ જ ન કરી શકીએ તો સફળતાની વાત જ કયાં રહી ? આપણે રસોડામાં રસોઇ બનાવવા બેસીએ તો શ્રદ્ધાપૂર્વક બેસીએ છીએ કે હું રસોઈ બનાવી શકીશ જ અને એ રસોઈ જમીને તૃપ્ત થઈ શકીશ જ.

તમે સૌ અમદાવાદથી કેદારેશ્વર આવવા નીકળ્યાં ત્યારે તમારા મનમાં પ્રથમ શ્રદ્ધા હતી કે ગુરુદેવ કેદારેશ્વરમાં બિરાજમાન છે અને એમનાં દર્શન આપણને થશે જ. બસમાં બેઠાં ત્યારે શ્રદ્ધા હતી કે આ બસ આપણને કેદારેશ્વર લઇ જશે જ. આમ સવારથી સાંજ સુધી જે કાંઈ કર્મો અને ક્રિયાઓ કરીએ અને આચરીએ છીએ તેમાં પ્રથમ અવલંબન શ્રદ્ધાનું હોય છે. શ્રદ્ધા વિના આપણે કાંઈ જ ન કરી શકીએ. તો, અસંપ્રજ્ઞાત સમાધિ પ્રાપ્ત કરવામાં જે કાંઈ કર્મો આપણે કરવાનાં છે એ માટે આપણામાં શ્રદ્ધા જોઈએ. શ્રદ્ધા વિના આપણે ક્રિયાનું આચરણ ન કરી શકીએ. પતંજલિમુનિએ જે કાંઈ કહ્યું છે, આપણાં શાસ્ત્રોમાં જેનું વર્ણન છે, સંતજનો જે કંઈ કહી રહ્યા છે અને જે કાંઈ ગુરુદેવ આપણને સમજાવી અને આપી રહ્યા છે એ બધું સત્ય છે અને તેના દ્વારા આપણું કલ્યાણ થવાનું જ છે એવી શ્રદ્ધા પ્રથમ હોવી જોઈએ. એવી શ્રદ્ધા હોય તો જ આપણે તે રુચિપૂર્વક સાંભળીએ. જો શ્રદ્ધા જ ન હોય, ગુરુજી જે કાંઈ આપણને સમજાવી અને કહી રહ્યા છે, બાપુ આપણને જે કાંઈ કલ્યાણનો માર્ગ બતાવી

રહ્યા છે તે સાચું નથી, બધું ગપંગપ્પા છે એમ જો આપણને લાગે તો આપણે સાંભળીએ જ નહીં. અને સાંભળીએ જ નહીં તો જ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થાય ? અને જ્ઞાનની પ્રાપ્તિ જ ન થાય તો તેનું આચરણ કેવી રીતે કરી શકીએ ? અને આચરણ વિના તેની સિદ્ધિ કેવી રીતે પ્રાપ્ત થાય ? તો, પ્રથમ શ્રદ્ધા જોઈએ કે જે કાંઈ આ યોગશાસ્ત્રમાં કહેલું છે તે સત્ય છે અને તે રસ્તે જતાં જતાં તેમાં જે કાંઈ કહેલું છે તે બધું જ ધીરે ધીરે આપણને પ્રાપ્ત થશે. ચાહે એક વર્ષે થાય કે ઘણાં વર્ષે થાય, ચાહે એક જન્મે થાય કે ઘણા જન્મે થાય પરંતુ થવાનું જરૂર છે એવી શ્રદ્ધા પ્રગટ થાય તો જ આપણે સારી રીતે સાંભળીએ.

બીજી વાત આવી 'વીર્ય'ની. વીર્યનો બીજો અર્થ થાય છે ઉત્સાહ. ઉત્સાહ હોવો જોઈએ. આપણે શ્રદ્ધાપૂર્વક જે પણ કાંઈ સાંભળ્યું છે તેનું આચરણ ઉત્સાહ વિના થઈ ન શકે. ઉત્સાહ હોય તો જ આપણે જે કાંઈ સાંભળ્યું છે તેનો અમલ સારી રીતે કરી શકીએ. જેમકે આપણે સાંભળ્યું કે યોગને પ્રાપ્ત કરવા માટે સવારે બ્રાહ્મ-મુહૂર્તમાં ઊઠી ધ્યાનમાં બેસવું જોઈએ. તો, ચાર વાગે ઊઠી ધ્યાનમાં બેસવાનો આપણામાં ઉત્સાહ હોવો જોઈએ. ઉત્સાહ જ ન હોય અને પ્રમાદ-આળસ હોય તો એક પણ કાર્ય આપણે સિદ્ધ ક્યાંથી કરી શકીએ ? ચાલુ વ્યવહારનાં કાર્યો પણ આપણે ઉત્સાહ વિના કરી શકતાં નથી. મિલમાં નોકરીએ જઈએ કે દુકાન ઉપર જઈએ કે ઓફિસમાં જઈએ તો ત્યાંના કાર્યો પણ નિયમપૂર્વક કરવાં પડે છે. અને તે નિયમનું કાર્ય ક્યારે થઈ શકે કે જ્યારે આપણામાં ઉત્સાહ હોય ત્યારે. તો આ તો પરમ કલ્યાણના માર્ગે જવાનું છે. સામાન્ય સંસારવ્યવહારનાં કાર્યો કરવાં હતાં અને સંસારવ્યવહારમાં કાર્યસિદ્ધિ પ્રાપ્ત કરવી હતી તો પણ તેમાં ઉત્સાહની જરૂર પડી. તો પરમ કલ્યાણ-આત્યંતિક સુખની પ્રાપ્તિ માટે તેનાં સાધનોનું આચરણ કરવામાં કેટલો ઉત્સાહ હોવો જોઈએ ?

પરંતુ ઉત્સાહ માટે આ સૂત્રમાં કયો શબ્દ વાપર્યો છે ? "વીર્ય". તેને પણ સમજવો જોઈએ. આપણા શરીરમાં સાતમી ધાતુ તે વીર્ય છે. રસ, રક્ત, મજ્જા, મેદ, માંસ, અસ્થિ અને વીર્ય; એમ વૈદક શાસ્ત્રમાં સાત ધાતુઓ ગણાવી છે, તેમાં સાતમી ધાતુ તે વીર્ય છે જેમાંથી આ શરીર બનેલું છે.

આપણે જે કાંઈ સ્થૂળ આહાર લઈએ છીએ તે પરિવર્તન પામતો પામતો એક ધાતુ, તેમાંથી બીજી, ત્રીજી અને ક્રમે સાતમી ધાતુ બને તેનું નામ વીર્ય. આપણે આજે જે જમ્યાં હોઈએ તેનું એક મહિને વીર્ય થાય. આખા મહિનામાં જે ખોરાક લઈએ છીએ તેમાંથી અતિ અલ્પ પ્રમાણમાં આપણા શરીરમાં વીર્ય ઉત્પન્ન થાય છે. આ એક વૈજ્ઞાનિક ગણતરી છે. આખા મહિના સુધી રોજ ત્રણ વખત આહાર લેતા હોઈએ તો એ આહારનો જથ્થો કેટલો મોટો થાય ? તે એક મહિનાના આહારના મોટા જથ્થામાંથી અતિ અલ્પ માત્રામાં વીર્યનો જથ્થો શરીરમાં ઉત્પન્ન થાય છે. આથી હવે આપણને ખબર પડવી જોઈએ કે વીર્યના એક ટીપાની કેટલી કિંમત છે ! એક મહિના સુધી શરીરને પુષ્ટ બનાવવા માટે કેટલો આહાર આપતા રહ્યાં ! ત્યારે એક મહિના પછી તે સાતમી ધાતુમાં પરિવર્તન પામ્યો કે જેનું નામ વીર્ય કે રજ આપવામાં આવ્યું. આવું આ તત્ત્વ છે તો તેની કેટલી મોટી કિંમત થઈ ? તો તે તત્ત્વને આપણે કેટલું બધું સાચવવું જોઈએ ? કારણકે તેમાંથી આપણા જેવું જ એક બીજું દિવ્ય શરીર ઉત્પન્ન થઈ શકે છે ! તે હેતુ સિવાય તેનો ઉપયોગ મોજમજામાં કરવામાં આવે તે કેટલી બધી અજ્ઞાનતા, મૂર્ખતા અને ઓછી સમજણ થઈ કહેવાય !?

એક આખા મહિનામાં આપણે જે કાંઈ ખાધું-પીધું તેમાંથી અતિ અલ્પ માત્રામાં સાતમી ધાતુ બની. આખા મહિનાના ખોરાકનો તે નિચોડ-અર્ક-સત્ત્વ-મૂડી છે જ્યારે એ સત્ત્વ આપણા શરીરમાંથી બહાર નીકળી જાય ત્યારે એક મહિના સુધી આપણા શરીરને જે પોષણ આપવાનો પ્રયત્ન કરેલો તે નિષ્ફળ જાય. આ રીતે તે રજ-વીર્યની કેટલી મોટી કિંમત છે ? તે સાતમી ધાતુરૂપી રજોવીર્ય જે આપણા શરીરમાં

રહેલું છે; તેના દ્વારા તમામ કાર્યો આપણે કરી શકીએ છીએ, તેના દ્વારા જ શરીરમાં ઉત્સાહ રહેલો છે. તેથી ઉત્સાહને બદલે આ સૂત્રમાં "વીર્ય" શબ્દ વાપર્યો છે. પણ તે ઉત્સાહ શેના કારણે છે ? વીર્યના કારણે છે. શરીરમાં રજ અને વીર્ય જેટલું હોવું જોઇએ તેટલા જથ્થામાં હોય તો જ શરીરમાં ઉત્સાહ રહે. જે નિર્વીર્ય છે, જે હીનવીર્ય છે, જે અલ્પવીર્ય છે તેનામાં ઉત્સાહ જોવામાં નહીં આવે. એ જીવ પ્રમાદી અને આળસુ, કોઈપણ નવા કાર્યમાં લાગી ન શકે તેવા સ્વભાવવાળો થઇ જવાનો.

તો, આવું જે અલૌકિક યોગશાસ્ત્ર, આવો જે અલૌકિક અસંપ્રજ્ઞાત યોગ અને તેને પ્રાપ્ત કરવાનાં આવાં જે દિવ્ય સાધનો તેનું આચરણ તો નિર્વીર્ય મનુષ્ય એટલે કે ઉત્સાહ વિનાનો મનુષ્ય કયાંથી કરી શકે ? આ વાતને તો ઘણી લંબાવવાની જરૂર છે પરંતુ વિષયાન્તર થઇ જાય છે તેથી આટલી સમજાવીને આપણે આગળ વધીએ. તો આમ, શ્રદ્ધા હોવી જોઇએ, વીર્ય હોવું જોઇએ; વીર્ય એટલે ઉત્સાહ હોવો જોઇએ. ઉત્સાહ વિના આ ઉપાય–પ્રત્યય આપણે અમલમાં મૂકી ન શકીએ. ત્રીજું સ્મૃતિ. સ્મૃતિ હોવી જોઇએ. જે કાંઈ અત્યારે તમે સાંભળી રહ્યાં છો તે તમારી સ્મૃતિમાં રહેવું જોઇએ, તમારા સ્મૃતિપટ ઉપર ચિતરાઈ જવું જોઈએ, પથ્થરની લકીર જેવું. હિન્દીમાં કહેવામાં આવે છે "પથ્થર કી લકીર"; જેમકે, જો આપને કહા વહ પથ્થર કી લકીર હો ગયા.

આપણે નદીમાં ફરવા જઈએ છીએ ત્યાં રેતી હોય છે. તેમાં બેસવાની મજા આવે છે. તે રેતીમાં સૌના હાથનાં આંગળાંઓ કામ કરતાં થઇ જાય છે. ખરું ને ? એ નદીની રેતીમાં આંગળીઓથી લીટીઓ અને લકીરો કરીએ છીએ. રેતીમાં કરેલી લીટીનું આયુષ્ય કેટલું ? થોડો પવન આવે અને લીટીઓ સાફ. પેનથી પાટીમાં લીટીઓ કરીએ તો રેતી કરતાં વધુ સમય રહે. પરંતુ એવી જ લીટીઓ, અક્ષરો આપણે પથ્થરમાં હથોડી અને ટાંકણા વડે કરીએ તો ? પવનથી તે ઊડે નહીં અને વરસાદથી તે ધોવાય નહીં; તે જલદી ભૂંસાય નહીં. તેથી તેને પથ્થરની લકીર કહી. તેમ તમારા મગજમાં અને સ્મૃતિપટલમાં, અત્યારે જે કાંઇ સાંભળી રહ્યાં છો અથવા ભૂતકાળમાં જે કાંઈ સાંભળેલું હોય કે ભવિષ્યમાં જે કાંઇ સાંભળશો તે પથ્થરની લકીર સમાન થઈ જવું જોઇએ. પછી તે ભૂંસાવું ના જોઈએ. તે, સ્મૃતિમાં હરહંમેશ રહે.

આપણે જે સાંભળ્યું હોય તે પ્રમાણે ચાહે વર્તન ભલે ન કરી શકીએ કારણ કે ઘણાં વર્ષોનો, ઘણા જન્મોનો આપણો અકલ્યાણકારી અભ્યાસ છે, અધ્યાસ છે, ટેવો છે. ભલે આપણે તેનો અમલ ન કરી શકીએ કે વિષયભોગોમાંથી સંપૂર્ણપણે બહાર ન નીકળી શકીએ પરંતુ આપણને સાચી વાતની ખબર પડી જવી જોઈએ. પડીએ અને ઊભાં થઇએ. ફરી પડીએ અને ફરી ઊભાં થઈએ. પણ પડીએ છીએ એ સાચી સ્થિતિ છે તેવું આપણા મનમાં નક્કી ન થવું જોઇએ. જ્યારે પડીએ ત્યારે એ ખબર રહે કે આપણે પડયાં અને હવે ઊભાં થવાનું છે. વર્ષો અને જન્મો સુધી પડતાં રહીએ પણ પડીએ તેની ખબર હોવી જોઇએ. તે આપણી સ્મૃતિમાં પાકું થઈ જવું જોઇએ કે કયો માર્ગ કલ્યાણકારી છે અને કયો માર્ગ અકલ્યાણકારી છે. ભલે આપણે કલ્યાણકારી માર્ગ ઉપર ચાલી ન શકીએ કે તેનો પૂરેપૂરો અમલ કરી ન શકીએ પરંતુ આપણા જ્ઞાનમાં તો હરહંમેશ એ વાત રહેવી જોઈએ કે અત્યારે આપણે અકલ્યાણકારી માર્ગ ઉપર ચાલી રહ્યા છીએ પણ એક દિવસ જરૂર કલ્યાણકારી માર્ગ ઉપર ચાલવું છે અને કલ્યાણને પ્રાપ્ત કરવું છે. આ વાત આપણા મનમાંથી ખસવી ન જોઈએ.

આપણા ઉપર કે આપણી ઈન્દ્રિયો ઉપર કાબૂ રાખવો કઠિન છે. કારણ કે આ જગતમાં આપણે રહેવું છે તેથી જગતનાં મનુષ્યો જે રીતે વર્તી રહ્યાં છે તે સતત જોવું પડે છે. એક વર્ષમાં કલ્યાણકારી વાતો અને સત્સંગ તો આપણને કેટલો મળે છે ? જવલ્લે જ, ભાગ્યે જ. અત્યારે આ કથા સાંભળી રહ્યાં છો પણ અહીંથી દૂર જાઓ એટલી જ વાર ! ત્યાં બીજું સાંભળવાનું, બીજું જોવાનું, બીજું સૂંઘવાનું અને બીજું સ્પર્શવાનું છે. તેથી આપણો

વાક પણ શું ? આપણે આ કારણે ઈન્દ્રિયોને વશ થઈ જઈએ તો તેમાં લજાવાનું પણ શું ? તેનામય વધુ રહીએ એટલે તેનામય થઈ જઈએ છીએ. ભલે તેના મય હોઈએ પરંતુ આપણું જ્ઞાન તેનામય ના થવું જોઈએ.

જે સાચી વાત અને તત્ત્વજ્ઞાન આપણે પ્રાપ્ત કર્યું છે તે તો કેવું રહે ? તે તો હરહંમેશ "અવિપ્લવા"=અવિપ્લવવાળું એટલે કે બંડ કે બળવો જેમાં ન આવે તેવું રહેવું જોઈએ. તો તે જ્ઞાન ગમે ત્યારે આપણો ઉદ્ધાર કરે જ. ચાહે આજે કે કાલે કે એક વર્ષે કે અનેક વર્ષે, કે આવતા જન્મે કરે કે અનેક જન્મે પણ જે સાચું જ્ઞાન આપણે પ્રાપ્ત કરી લીધું છે તે હરહંમેશ આપણી સાથે રહેવું જોઈએ. આનું નામ "સ્મૃતિ". સ્મૃતિ એટલે ગતજન્મ – વ્યતીત થઈ ગયેલા જે જન્મો, તેની સ્મૃતિ પણ આપણી સાથે હોય છે. સ્મૃતિ આપણે સાથે લઈને આવ્યા છીએ તેથી યોગની વાતો રુચિકર લાગે છે. જગત આખું વિષયભોગોમાં ચકચૂર છે; તે માટે અનુભવીએ કહ્યું છે કે –

નાટય ખેલ સિનેમા સટ્ટા હોટલી ખાણા ને ચા;
ઊજળા ઠગ અને હસતી વસ્તી જોઈએ તો શહેરમાં જા;
રોગે પછી રોજ તું સડજે, વિના મોત એક દિ મરજે.

શહેરોની અને લોકોની અત્યારે આવી સ્થિતિ અને માનસિક અવસ્થા છે. નાટક, ખેલ, સિનેમા, સટ્ટા, ખાણાં અને ચા તે બધાને મૂકીને તમે અહીં આવ્યાં ને ? કેમ? એટલા માટે કે આપણા બાપુ–ગુરુદેવ કેદારેશ્વર છે. નાટક–ખેલના જગતને મૂકીને અહીં આવવામાં અને ગુરુદેવમાં કેમ રુચિ થઈ ? આ કલ્યાણકારી કથા–વાર્તા સાંભળવામાં કેમ અભિરુચિ જાગી ? કેમકે તમારો ગતજન્મોનો અભ્યાસ હશે. પણ આ કાંઈ એક જન્મની વાત નથી; "જન્મજન્માંતે સંસિદ્ધિ" એમ ગીતામાં કહ્યું છે. એટલે કે પરમાત્માને મેળવતાં મેળવતાં અનેક જન્મો લાગી જાય છે; કૈવલ્ય, આત્મસિદ્ધિ, આત્મસાક્ષાત્કારને પ્રાપ્ત કરતાં કરતાં તો અનેક જન્મો વ્યતીત થઈ જાય છે.

આ રીતે આપણા સૌના ઘણા જન્મો વ્યતીત થઈ ગયેલા હશે અને ઘણા જન્મોમાં આપણે સાથે પણ હોઈ શકીએ, કેમ ન હોઈ શકીએ ? તે જન્મોમાં જે કાંઈ બાકી રહેલું હશે તે ઘણું બધું પૂરું કરીશું. કુદરત કે ભગવાન કે કર્મનો સિદ્ધાંત કે પ્રારબ્ધનો નિયમ આપણને ભેગાં કરે છે. ગમે તે રીતે આપણે એકબીજાને સહાયભૂત અને મદદરૂપ થઈ કલ્યાણના માર્ગે આગળ જઈશું. ગયા જન્મોનો કલ્યાણકારી માર્ગનો અભ્યાસ હતો તેની સ્મૃતિ અત્યારે આપણી સાથે લઈને આવ્યાં છીએ તેની સાબિતી આ છે કે નાટક–ખેલમાંથી બહાર નીકળ્યાં અને આ કથા રુચિપૂર્વક સાંભળી રહ્યાં છીએ. નહીં તો આ કથામાં થોડી પણ રુચિ હોય જ શેની ? બધાં મોજમજા કરતાં હોય તેમાંથી નીકળી અહીં કલ્યાણની વાત સાંભળવા બેસવું એ તો જગતની દૃષ્ટિએ મૂર્ખતા અને ઘેલિયાપણું લાગે.

જગતની દૃષ્ટિએ મૂર્ખ ગણાઈએ તો મૂર્ખ ગણાવાની પરવા કર્યા વિના પણ આપણે કલ્યાણમાર્ગની વાતો સાંભળી રહ્યાં છીએ તે શાના કારણે ? ગત જન્મની જે સ્મૃતિ આપણી સાથે છે તે આપણને આમાં ધકેલી રહી છે. એકની એક વાત જો અમે વર્ષોથી કહી રહ્યા છીએ; જે હજારો માણસો સાંભળી રહ્યાં છે, વાત તો એની એ જ છે પણ બધા ઉપર જુદી જુદી અસર થાય છે. કોઈ તો સંસાર–વ્યવહારને અને વિષયભોગોને તુચ્છ સમજીને કલ્યાણના ધ્યેયમાં ઝંપલાવવા તૈયાર થઈ ગયાં; કોઈ તો એ વાત સાંભળીને પોતાનું જીવન ક્રમે ક્રમે સુધારે છે; કોઈ તો વર્ષોથી આ વાતને સાંભળી રહ્યાં છે છતાંય કલ્યાણમાર્ગમાં થોડાં જ આગળ વધી શક્યાં છે અને કોઈ તો સતત સાંભળે છે અને સતત સાંભળ્યા કરશે તોય તેના માટે આ કથા એક વાર્તા જ રહેશે. જલકમલવત્‌–જળની અંદર જેમ કમળ વર્ષો સુધી રહે પણ કોરું ને કોરું, તેમ સાંભળ્યા કરે પણ કોરાં ને કોરાં. પાણીની અંદર રહેલા પથ્થરની ઉપરની સપાટી ભીની હોય છે પણ ભીતર તો કોરો ને કોરો. મોટા ભાગનાં માણસોની સ્થિતિ આવી છે ! કલ્યાણકારી વાતો તો અનેક વર્ષોથી અનંત મનુષ્યો સાંભળતાં હોય છે છતાં સૌ તેને પોતપોતાની રીતે શ્રવણ કરે

છે. અમુક હદમાં જ એને ગ્રહણ કરી શકે છે. તે શાની સાબિતી છે? ગત જન્મના જ્ઞાનની. જેને આપણે એક દૃષ્ટાંતથી સમજીએ. સો સુધી શિખવાડવાનું હતું અને નવ્વાણું સુધી તો શિખવાડી દીધું અને એક જ બાકી હતો અને આયુષ્ય પૂરું થયું તેથી શરીર છૂટી ગયું. બીજો જન્મ ધારણ કર્યો તે વખતે નવ્વાણું સુધી તો આવડતું હતું. હવે એક જ અંક બાકી હતો. એક અંક ભણતાં – પ્રાપ્ત કરતાં કેટલી વાર લાગે? તરત જ સો સુધી આવડી જાય. અને બીજો એક હતો જે પાંચ સુધી જ ભણ્યો હતો; તેને પંચાણું બાકી હતા અને તેનું શરીર છૂટી ગયું. આ જન્મમાં તેનો જેટલો અભ્યાસ થયો અને તે જેટલો અભ્યાસ પ્રાપ્ત કરીને સાથે લઈને ગયો તે પ્રમાણે આવતા જન્મમાં તે જ્ઞાન તેની સાથે રહ્યું. આ જગ્યાએ આખી વાત જ આવા પ્રકારની ચાલી રહી છે. આ સૂત્ર જ આવા પ્રકારનું છે. ઓગણીસમા સૂત્રમાં શું વાત ચર્ચી હતી? ભવપ્રત્યયો=ભવથી–જન્મથી જ જ્ઞાન પ્રાપ્ત છે. તો, તે જ્ઞાન તેને જન્મથી જ કેમ છે અને આપણને કેમ નહીં? તેને આગળના અનેક જન્મોનો જે અભ્યાસ હતો તે અભ્યાસ દ્વારા તેણે ઘણું પ્રાપ્ત કરી લીધેલું હતું. થોડું જ બાકી હતું તે આ જન્મમાં બહુ ઝડપથી પૂરું થઇ ગયું.

કોઈ કહે કે ફલાણા ભાઇ કે ફલાણાં બહેન તો બાપુ પાસે હજુ હમણાં જ આવ્યાં છે તોય બાપુના બહુ પ્રિય થઇ પડયાં છે; બાપુ તેને બહુ જ સમજાવે છે; તેના ઉપર બહુ જ ધ્યાન આપે છે અને આપણે તો ઘણાં વર્ષોથી છીએ છતાં બાપુ આપણા ઉપર બહુ ધ્યાન આપતા નથી. આ વાત ખરી નથી. નિશાળમાં માસ્તર તો સૌને સરખું શીખવતા હોય છે પણ સૌ પોતાના અધિકાર અને યોગ્યતા પ્રમાણે ગ્રહણ કરે છે.

તો, જેને જન્મથી જ અસંપ્રજ્ઞાત સમાધિનું જ્ઞાન પ્રાપ્ત છે તેને તો તે છે જ પણ જેને તે પ્રાપ્ત નથી, જન્મજાત પ્રાપ્ત નથી અને છતાં આ પ્રાપ્ત કરવાની ઇચ્છા છે તેમણે શું કરવું? તેમણે ઉપાય–પ્રત્યયથી જ્ઞાનની પ્રાપ્તિ કરવી. ઉપાયો કયા કયા? શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞા.

શ્રદ્ધા, વીર્ય અને સ્મૃતિ વિષે આપણે સમજ્યા. હવે આવે છે "સમાધિ" એટલે કે એકાગ્રતા. સંપ્રજ્ઞાત સમાધિ પણ અસંપ્રજ્ઞાત સમાધિ પ્રાપ્ત કરતા પહેલાં એક ઉપાય છે. સંપ્રજ્ઞાત સમાધિ એટલે આપણે આગલા સૂત્રમાં જોઈ ગયા તે; વિતર્ક, વિચાર, આનંદ અને અસ્મિતા એ ચાર તબક્કાવાળી. તે અસંપ્રજ્ઞાત સમાધિનું એક સાધન, એક અંગ થયું. અસંપ્રજ્ઞાત યોગને પ્રાપ્ત કરવા માટે, પહેલાં સંપ્રજ્ઞાત સમાધિ સિદ્ધ કરી લેવી જોઈએ. સંપ્રજ્ઞાત સમાધિ એટલે એકાગ્રતા. જે અનંતાગ્ર હતા, આપણી વૃત્તિઓ, આપણું મગજ અનેક જગ્યાએ લાગેલું હતું તેને એકાગ્રતા પ્રાપ્ત કરાવવી જોઈએ. એકાગ્રતાની સિદ્ધિ કરી લેવી જોઇએ. પછી તે એકાગ્રતામાંથી નિરોધ અવસ્થામાં, અસંપ્રજ્ઞાત સમાધિમાં જઈ શકાય છે.

જેને જન્મથી આ જ્ઞાન પ્રાપ્ત નથી તેને માટે આ જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પાંચમો ઉપાય છે "પ્રજ્ઞા". પ્રજ્ઞા એટલે બુદ્ધિથી જરા ઉપરનો સ્તર, સૂક્ષ્મ બુદ્ધિ. બુદ્ધિ અતિશય સૂક્ષ્મ અવસ્થા પ્રાપ્ત કરી લઇને ઈન્દ્રિયાતીત વિષયોને સમજી શકે તેવી સ્થિતિમાં આવી જાય ત્યારે તેનું નામ પ્રજ્ઞા. તે પ્રજ્ઞાની પ્રાપ્તિ થવી જોઇએ એટલે કે બુદ્ધિ સૂક્ષ્મ થઇ જવી જોઇએ, બુદ્ધિ સૂક્ષ્મ કરી લેવી જોઇએ. બુદ્ધિ જ્યારે સૂક્ષ્મ થાય ત્યારે તેને પ્રજ્ઞા કહેવામાં આવે; બુદ્ધિની સૂક્ષ્મતા માટે એક સૂત્ર છે– "તત્ર ઋતંભરા પ્રજ્ઞા". પ્રજ્ઞા "ઋત"થી ભરાઈ જાય છે. જેમ બુદ્ધિની સૂક્ષ્મતા માટે પ્રજ્ઞા શબ્દ છે તેમ સત્યની સૂક્ષ્મતા માટે ઋત શબ્દ છે. ઋતંભરા=ઋતથી ભરેલી – સત્યથી ભરેલી. ઋત એટલે સાંભળેલું સત્ય નહીં પણ અનુભવેલું સત્ય. આપણે જે કાંઇ નિર્ણયો લઈએ છીએ તે "શ્રુતાનુમાન" એટલે કે સાંભળેલા અને અનુમાન કરેલા છે. પરંતુ યોગીના નિર્ણયો, પ્રજ્ઞા ઋતથી ભરેલી છે, સત્યથી ભરેલી છે કે જે સત્યનો તેણે જાત–અનુભવ લીધેલો છે તેના કારણે સંપૂર્ણ સત્ય હોય છે.

તો આમ, આ અંકમાં, ઉપાયપ્રત્યય– શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિની પ્રાપ્તિ વિષે સમજ્યાં. વધુ આગળ વધીએ તે પહેલાં ઉપરોક્ત વાતોને ખૂબ વાગોળીએ અને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરીએ.

(ક્રમશઃ)

# વિશ્વશાંતિ અર્થે
# 'ઓમ્ ગુરુ ઓમ્' મંત્રના અગિયાર કરોડ જાપ

## (ઓમ-ગુરુદેવ જયંતીનો અહેવાલ)

સંકલન : પંકજ શાહ

આસો વદ દસમ એટલે પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીનો જન્મદિવસ. ઓમ્પરિવારનાં મુમુક્ષુ સાધકો આ દિવસને ખૂબ ધામધૂમથી ઊજવે છે. તા. ૨૮–૧૦–૮૬ને મંગળવારે પૂજ્યશ્રીના નિવાસ–સ્થાન 'ધર્મમેઘ'માં ઓમ્-ગુરુદેવ જયંતીનો આ કાર્યક્રમ નવતર શૈલીમાં ઊજવાયો.

આંતરરાષ્ટ્રિય શાંતિ વર્ષ તરીકે ઊજવાઈ રહેલા આ વર્ષમાં પ્રારંભથી જ, પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી અને ઓમ્પરિવાર તથા ઓ. પ્રે. પ. ટ્રસ્ટ દ્વારા વિશ્વશાંતિ અને વિશ્વ–કલ્યાણ અર્થે અવનવા કાર્યક્રમો યથાશક્તિ-યથામતિ યોજાયા. વર્ષ દરમ્યાન શાંતિપ્રાપ્તિ વિષેની મૌલિક સમજ આપતાં પ્રકાશનો, સ્વાધ્યાય મિલનો, સત્સંગ પ્રવચનો, પદયાત્રા, મંત્રજાપ, ગુરુપૂર્ણિમા શિબિર વગેરે અનેક કાર્યક્રમો દ્વારા બહુજનસમાજની આધ્યાત્મિક ઉન્નતિ થાય અને તે દ્વારા સૌ શાશ્વત શાંતિની અનુભૂતિ કરે તે માટેનો યોગ્ય પ્રયત્ન કરવામાં આવ્યો. શાંતિવર્ષની સંધ્યાએ ઓમ્-ગુરુદેવ જયંતીનો કાર્યક્રમ ઊજવાયો.

'ધર્મમેઘ'માં પ્રવેશતાં જ સામેની દીવાલ ઉપર એક નોટિસ-બોર્ડ ઉપર નજર નાખ્યા વગર ભાગ્યે જ કોઈ પસાર થતું, જેમાં લખ્યું હતું – "આજે ઓમ્-ગુરુદેવ જયંતીના દિવસે પ. પૂ. ગુરુદેવના ચરણોમાં કોઈએ રૂપિયા–પૈસાની ભેટ મૂકવી નહીં. ભેટ મૂકવા ઇચ્છુક સર્વેએ વિશ્વકલ્યાણ અર્થે મંત્રરૂપી ભેટ મૂકવાની છે."

કાર્યક્રમની શરૂઆત થઈ સવારે નવ વાગ્યે ગાયત્રી-મારુતિ હવનથી. હવનમાં હોમવા માટે શુદ્ધ ઘી અને બાવન પ્રકારની ઔષધિનો ઉપયોગ કરવામાં આવ્યો. હવનનું મુખ્ય ધ્યેય હતું વાતાવરણ–શુદ્ધિ.

મનુષ્ય સ્વભાવ વિચિત્ર છે. તેને કહેવામાં આવે કે હવનથી વાતાવરણ શુદ્ધ થાય છે તો તે માનશે જ નહીં અથવા વ્યર્થ દલીલો કરવા માંડશે. અરે મનુષ્ય! પ્રજ્વલિત અગ્નિમાં જો મરચાનો ટુકડો નાખવામાં આવે અને તું ઘણે દૂર હોય તો પણ તને છીંકો આવવી ચાલુ થઈ જાય છે, ગળું બળવા લાગે છે અને ત્યારે તું તરત પૂછવા લાગે છે કે, "કયા... એ આ અગ્નિમાં મરચું નાખ્યું? મારી આંખો બળવા લાગી છીંકાછીંક ચાલુ થઈ ગઈ". તે વખતે તને તારી દલીલ યાદ નથી આવતી; તે વખતે તને યાદ નથી આવતું કે તું જાતે જ તારી દલીલનું ખંડન કરી રહ્યો છે અને એ વાતને પ્રસ્થાપિત કરી રહ્યો છે કે ઘણે દૂર, અગ્નિમાં મરચું નાખવાની અસર તને ઠેઠ અહીં થઈ, તેવી રીતે એ જ અગ્નિમાં મરચાને બદલે શુદ્ધ ઘી અને બાવન પ્રકારની ઔષધિ નાખવામાં આવે તો સૂક્ષ્માતિસૂક્ષ્મ શુદ્ધ અને સાત્વિક અણુઓની અસર વાતાવરણમાં ઘણે દૂર સુધી થશે. અને આ તો પ્રત્યક્ષ પ્રમાણ છે તેમાં સંશયને અવકાશ જ ક્યાં છે?

તો, ઓમ્-ગુરુદેવ જયંતીના કાર્યક્રમની શરૂઆત ગાયત્રી-મારુતિ હવનથી થઈ. બપોરના વિરામ બાદ સાંજનો કાર્યક્રમ શરૂ થયો. નિયત સમય પહેલાં સૌ કોઈ ધર્મમેઘના પ્રાંગણમાં હાજર થવા લાગ્યાં. આવનાર સૌ કોઈ પ્રથમ નોટિસ-બોર્ડ વાંચતાં અને સૌના મુખ પર વિસ્મયનો ભાવ પ્રગટ થતો. પ. પૂ. ગુરુદેવ પોતાના આસન પર બિરાજમાન હતા; તેઓએ સૌને ઉદ્દેશીને કહ્યું –

"આજે આપણે સૌ "ઓમ્-ગુરુદેવ જયંતી"નો ઉત્સવ ઊજવવા એકઠાં થયાં છીએ. આજની મુખ્ય વાત શું છે? સામે બોર્ડ ઉપર જે સૂચના લખી છે

તે મુખ્ય છે. આવતીકાલથી માંડી આવતી ઓમ્-ગુરુદેવ જયંતી સુધીના સમયમાં—એક વર્ષના સમયમાં બને તેટલા મંત્રજાપનો સંકલ્પ કરવાનો છે. અને તે 'મંત્રજાપ વિશ્વકલ્યાણ અર્થે' એમ સંકલ્પ કરીને ભેટ મૂકવાની છે. મંત્ર છે 'ઓમ્ ગુરુ ઓમ્'.

"આ જે મંત્રજાપ કરવાના છે તેનો વિનિયોગ શું છે? વિનિયોગ વિશ્વકલ્યાણ—જીવજગતનાં સુખશાંતિ અર્થે. રસોઈયો રસોઈ બનાવે તેમાં તેની રસોઈ બની જ જતી હોય છે; તેના માટે જુદી રસોઈ બનાવવી નહીં પડે. તેમ આપણે વિશ્વકલ્યાણ અર્થે, જીવ-જગતનાં સુખશાંતિ અર્થે જે કાંઈ કરીશું તેમાં આપણું પણ કલ્યાણ-સુખશાંતિ સમાયેલાં જ છે. આપણે પણ વિશ્વમાંના, સમાજમાંના જ છીએ તેથી આપણા માટે જુદો પ્રયત્ન નહીં કરીએ તો પણ ચાલશે.

"તો આજે આ ઉત્સવની ઉજવણીનો વિશિષ્ટ દિવસ છે. કલ્યાણપુરાની ગુરુપૂર્ણિમા-શિબિરમાં પણ આવી જ ઘોષણા કરેલી. તે સમયે પાલી ગામના એક દેસાઈ (રબારી) ભાઈએ તેનો લાભ ઉઠાવેલો! જીવ-જગતના કલ્યાણ માટેની જેઓને તક જોઈતી હોય પણ આર્થિક રીતે નબળા હોય તેવા લોકો માટે આ અમૂલ્ય તક છે. તન-મન-ધન-વિચાર-વાણી-વર્તન; આપણી પાસે શું છે? કેટલા પ્રમાણમાં છે? અને તેમાંથી સમાજના કલ્યાણ અર્થે આપણે શું આપી શકીએ એમ છીએ? આપણને પગના અંગૂઠાથી ચોટી સુધીનું જે પ્રાપ્ત થયું છે તે ક્યાંથી પ્રાપ્ત થયું છે? તે બધું આપણને આ સમાજમાંથી જ પ્રાપ્ત થયું છે. આ વાતનો વિચાર સૌએ કરવાનો છે. એ સમાજ માટે કાંઈ કરવાનો સૌએ પ્રયત્ન કરવાનો છે. અસ્તુ!

"તમે સૌ બીજા પ્રસંગોમાં અમારા ચરણે સ્થૂળ ભેટ મૂકો છો; તે માટે અમે તમને કહેતા નથી છતાં તમે મૂકો છો. પરંતુ આજે આ મંત્રજાપરૂપી ભેટ મૂકવાનો અમારો અતિ આગ્રહ છે. અને સહુના મળીને ઓછામાં ઓછા ૪ કરોડ મંત્રજાપ થવા જોઈએ તેવી આશા સર્વે પાસે રાખીએ છીએ. આપણને ભૂખ લાગી હોય ત્યારે જમવાનું કહેવું પડતું નથી, આપમેળે જ જમવા બેસી જઈએ છીએ; તેમાં આપણને શરમ લાગતી નથી. તેમ જ્યારે તમે મંત્રજાપનો સંકલ્પ કરો ત્યારે તેની અહીં નોંધ કરાવવાની શરમ આવવી જોઈએ નહીં પણ ઊલટથી તેની નોંધ કરાવવા આવો અને તો કહેવાય કે બહુજનહિતાય-બહુજનસુખાયને આપણે બરાબર સમજ્યાં છીએ.

"આ ઉત્સવની પત્રિકા કે વ્યક્તિગત આમંત્રણ કોઈને આપવામાં આવતું નથી અને છતાં પણ જેઓને રુચિ છે તે સર્વે આવો અને આધ્યાત્મિક આનંદનો લાભ લો. આ કોઈ વ્યવહારિક પ્રસંગ નથી એ વાત સૌએ બરાબર સમજી લેવાની છે. તેથી આ પ્રસંગ માટે કોઈ બોલાવવા આવશે નહીં અને આવશો તો કોઈ કાઢી મૂકવાનું નથી. આ પ્રસંગ એમના માટે છે કે જેઓ આધ્યાત્મિકતામાં રંગાયેલાં છે, ઓમ્-ગુરુમાં માને છે. જેમને આધ્યાત્મિકતામાં રસ છે, સાચી સમજણ જેમણે પ્રાપ્ત કરી લીધી છે તેવાં પાંચ જ જણ આવે તોય બસ છે અને આવી સમજણ ન હોય અને વ્યવહાર સમજીને આવતાં હોય તો પાંચ લાખ આવે તો પણ નકામું. ગંગા પવિત્ર કહેવાય છે કેમકે તે અખંડ રીતે વહે છે; ઉનાળામાં સાંકડી થઈ જાય પરંતુ તેનું વહેણ તો અખંડ જ રહે છે. જ્યારે ચોમાસામાં અસંખ્ય ઝરણાં છલકાઈ જાય છે અને થોડા સમયમાં પાછાં સુકાઈ જાય છે. તો, પ્રવાહ ભલે સાંકડો હોય પરંતુ અજસ્ર હોય તો તે પાણી સડે નહીં, ગંધાય નહીં. તો આમ, આપણી સમજનો પ્રવાહ પણ અખંડ, અતૂટ, અજસ્ર હોવો જોઈએ. ઓમ્-જયંતી મનાવવી છે, તો ઓમ્-જયંતીમાં શું કરવાનું છે? બીજું બધું તો ઘરે કરીએ જ છીએ! અહીં તો કાંઈક વિશિષ્ટ કરવાનું હોય તો જ સાચા અર્થમાં ઓમ્ ગુરુદેવ જયંતી મનાવી કહેવાય".

પૂજ્યશ્રીના વક્તવ્ય બાદ સૌએ ભક્તિભાવપૂર્વક સ્વાધ્યાય કર્યો. સ્વાધ્યાય બાદ ગુરુપૂજનનો કાર્યક્રમ હતો. ગુરુપૂજનનો કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં ફરી

એક વાર પ. પૂ. ગુરુદેવે મંત્રજાપ માટે ટહેલ નાખતાં કહ્યું કે –

"અમે જ્યારથી સમજદાર થયા ત્યારથી કદીપે કોઇની પાસે કાંઇ જ માંગ્યું નથી. હાલમાં અમે ખૂબ વધુ સમજદાર છીએ અને છતાંય તમારી પાસે આજે ભિક્ષા માંગી રહ્યા છીએ. આજે અમે ખરેખર યોગ-ભિક્ષુ છીએ. તમે મંત્રજાપનો સંકલ્પ અમને આપો. આજે તો અમે નક્કી કર્યું છે કે નામ દઈ-દઈને બધાને કહીશું કે, ભાઈ-બહેન ! તમે અમને ભિક્ષા આપો; વર્ષો પછી અમે માંગી રહ્યા છીએ કે તમે સંકલ્પ કરો – 'ૐમ્ ગુરુ ૐમ્'ના મંત્રજાપનો. અને તે પણ શેના માટે ? વિશ્વશાંતિ માટે.

"વિશ્વશાંતિ માટે ઘણું બધું આપનારાં ઘણાં બધાં છે અને સમાજને, વિશ્વને ઘણી બધી વસ્તુની અને તે માટે ઘણાં પ્રકારનાં મનુષ્યોની જરૂર હોય છે. અને તો જ, ત્યારે જ સમાજ ચાલે છે. જો કોઇ એમ કહેતું હોય કે સમાજ અમારા થકી જ ચાલે છે તો એવું કહેનારની તે મૂર્ખતા છે, અજ્ઞાનતા છે. સમાજને વ્યવસ્થિત રીતે ચાલવા માટે કોઈ એક પ્રકારની નહીં પરંતુ ઘણા પ્રકારની જરૂરિયાત હોય છે. તેવી જ રીતે વિશ્વશાંતિ અર્થે પણ ઘણા બધા પ્રકારના પ્રયત્નની જરૂરત રહેલી છે. તો જ્યારે સમાજમાં જે પ્રયત્નનું જોર વધુ ચાલી રહ્યું હોય તેનો પ્રવાહ વધુ જોશથી વહેતો હોય છે; સાનુકૂળ પ્રવાહમાં વધુ લોકો ઝંપલાવી દે છે. તે સમયે સાચા સમજદારે તે સિવાયના પ્રવાહને માટેના પ્રયત્નો કરવાની જરૂરત હોય છે.

"તો તે રીતે જ આજે આગ્રહપૂર્વક તમારી પાસે મંત્રજાપની ભેટ માંગી રહ્યા છીએ કે આજે ગુરુ-પૂજનમાં વિશ્વશાંતિ અર્થે, પ્રાણીમાત્રના કલ્યાણ માટે તમે સૌ મંત્રનો સંકલ્પ કરો અને તેને પ્રમાણિકપણે એક વર્ષમાં પૂરો કરો. કોઈ વખત એવું પણ બને કે ૐમ્‌પરિવારનો કોઈ એવો પ્રસંગ યોજાય અને તે પ્રસંગમાં, તેને જ સંમિલિત કરવામાં આવે કે જે લોકોએ આજે સંકલ્પ કર્યો હોય. તો, જો સંકલ્પ ન કરો તો તે સમયે તમે મોકો ચૂકી જાઓ. તેમ ન થાય તે માટે પણ આજે સંકલ્પ કરો. આજે આ આગાહી, પ્રલોભન લાલચ, કે જે ગણો તે બધું જ છે. સહુ કોઈ એમ ઇચ્છે છે કે આપણું નામ-તકતી જાહેર જગ્યામાં ક્યારે લખાય ! તો આજે જે કોઇ સંકલ્પ કરશે તેનું નામ પરમાત્માની તકતીમાં લખાશે. અને તો, તે માટે પડાપડી થાય જ. અને જો તેમ ન થાય તો પછી વાસીદામાં સાંબેલા જેવું જ થાય. અમે ગળાસ્વાદે બોલ્યા અને તમે કાનસ્વાદે માત્ર સાંભળ્યું એવી પરિસ્થિતિ સર્જાય, પરંતુ વાસ્તવમાં પ્રાપ્તિ કાંઈ જ ન થાય. અસ્તુ !

"અમે આવા પ્રસંગે જે બોલીએ છીએ તે બધું પ્રેમીઓ લખી લે છે કે જેથી તે બધું છપાય; બીજું વધુ ને વધુ પ્રકાશનો બહાર પડે અને તો વધુ લોકોને તેનો લાભ મળે. તે માટે પ્રેમીઓ પુરુષાર્થ કરી રહ્યા છે. તો સર્વેએ તે માટે વધુમાં વધુ પુસ્તકો ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ. દરેકે વિચારવાનું કે તેમના ઘેર કયું પુસ્તક નથી ? કેમ નથી ? અને જો નથી તો તે પુસ્તક ખરીદી લેવું જોઇએ. આ પુસ્તક-વેચાણના પૈસામાંથી વધુ પ્રકાશનો જ બહાર પાડવામાં આવે છે; અમે તો કાંઇ લેતા જ નથી. તે પૈસા ટ્રસ્ટમાં જાય છે અને ટ્રસ્ટ તેનો ઉપયોગ, લોકકલ્યાણ કાજે વધુ પ્રકાશનો બહાર પાડવામાં કરે છે અને બીજાં લોકકલ્યાણનાં કાર્યો પણ તેમાંથી જ સંપન્ન થાય છે. તો આ પ્રકાશનો આપણાં વધુમાં વધુ સગાં-સ્નેહી-મિત્રો વાંચે તે માટેનો પ્રમાણિક પુરુષાર્થ કરવો તે પણ ગુરુપૂજનનો જ એક પ્રકાર છે; ગુરુપૂજનનો આ પ્રકાર ઘણા ઊંચા પ્રકારનો છે."

પ. પૂજ્ય ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ તો આ પ્રેરણાદાયી પ્રવચન દ્વારા તેઓનું કાર્ય પૂરું કર્યું. હવે વારો આવ્યો પૂજ્યશ્રીના પ્રેમીઓનો. પ્રેમીઓએ પણ સહેજેય કચાશ ન રાખી. ગુરુપૂજન માટે આવતાં ગયાં તેમ તેમ આબાલવૃદ્ધ સૌ કોઇ મંત્રજાપની સંખ્યા લખાવતાં ગયાં. એક સ્વયંસેવક દરેકના નામ

સાગે મંત્રોની સંખ્યા લખ્યે જતા હતા. રકમ લગભગ છ આંકડામાં જ લખાતી ગઈ. ગુરુપૂજનનો સમય પૂરો થયો. મંત્ર લખવા બેઠેલા સ્વયંસેવક ભાઈએ મંત્રોનો સરવાળો માંડ્યો. અગિયાર કરોડ !!! ભારોભાર પ્રાણથી લપેટાયેલી વાણીની આ અસર; પૂજ્યશ્રીએ ચાર કરોડ મંત્રોની માંગણી કરી અને સંકલ્પ થયો અગિયાર કરોડ મંત્રજાપનો. અને સૌની આ ઊલટ જોઈને પૂજ્યશ્રીએ પણ વાણીગંગાનો ધોધ વહાવીને સૌને જ્ઞાનગંગામાં નવડાવી દીધા. "**આવી વિષમતા પોતાના સિવાય કોણ ટાળી શકે !?** એ શીર્ષક હેઠળ કેટલાક ચોટદાર તાદૃશ્ય દૃષ્ટાંતો સૌને વાંચી સંભળાવ્યાં કે જે એટલાં તો વહેવારુ હતાં કે રોજબરોજ આપણે સૌ આપણી તથા અન્યોની દિનચર્યામાં અનેક વખત અનુભવતાં હોઈએ છીએ. અને આ સાંભળીને ભાવાવેશમાં આવેલા શ્રી જટાશંકરભાઈ રાવલ બોલી ઊઠયા કે, "ન ભૂતો ન ભવિષ્યતિ; તાકાત નથી કે કોઈ ધર્મગુરુ આવું બોલવાની હિંમત કરી શકે." ક્યારેય આવી વાણી સાંભળી નથી અને સાંભળવા પણ નહીં મળે !

કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ સૌ પ્રસાદ લેતાં હતાં ત્યારે હું નૈષધભાઈ સાથે વાતચીત કરી રહ્યો હતો અને આજના પ્રવચનને અક્ષરશ: "ૠતમ્ભરા"માં લેવા માટે કહી રહ્યો હતો ત્યારે ભૌમિકભાઈ અમારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા – "ગુરુજીએ તેમના આશીર્વચનમાં વિષમતાને સમજાવતા અગિયાર પ્રસંગો કહ્યા ત્યારે એમ લાગ્યું કે અડધા કલાકના સમયમાં અગિયાર કરોડ મંત્ર બોલનારાં આપણે સૌ ગુરુજીના આધ્યાત્મિક દેવામાં ડૂબેલાં છીએ."

---

મેડીકલ અને એન્જીનીયરીંગ શાખામાં અભ્યાસ કરતા આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને ઓ. પ્રે. પ. ટ્રસ્ટ દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે. આ બાબતની માહિતી માટે રૂબરૂમાં સંપર્ક સાધવો.

**સ્થળ : ઓ. પ્રે. પ. ટ્રસ્ટ**
૧૨૮, શ્રીકુંજ સોસાયટી, રન્નાપાર્ક પાસે, ઘાટલોડીયા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૬૧.

**સમય** : દર રવિવારે સવારે ૮ થી ૯

---

"જે બુદ્ધિ સમર્પિત થઈને રહે છે તે જ બુદ્ધિની બુદ્ધિમાની છે. ગુરુજનો અને સંતજનોના ચરણોમાં બુદ્ધિપૂર્વક નિર્બુદ્ધિ થઈને બેસવું એ જ બુદ્ધિમાનપણું છે."

॥ ૫ ॥

# આવી વિષમતા પોતાના સિવાય કોણ ટાળી શકે !?

– યોગભિક્ષુ

દરેક દેશમાં અને દરેક ક્ષેત્રમાં અસમાનતાઓ જોવા મળે છે. અને તેને નષ્ટ કરવા માટેના રામઢોલ પીટનારાઓનો અને બૂંગિયા ધીબનારાઓનો પણ સમાજમાં તૂટો નથી. પોતે અંગ વાળવું નથી, સંયમ રાખવો નથી, પોતાની આવકને ધ્યાનમાં રાખીને ચાલવું નથી અને બસ કેવળ અન્યોને સુખી જોઈને ઈર્ષા અને દ્વેષવશ તેમણે તો ફક્ત "અસમાનતા ટાળો"ના બૂંગિયા જ ધીબ્યે રાખવા છે ! એથી કાંઈ થોડી જ સમાનતા થઈ જવાની હતી કે કોઈ સુખી થઈ જવાનાં હતાં ? સુખી થવા માટે જે કાંઈ શકય છે તે કાંઈ કરવું નથી અને આસપાસમાં બસ રઘવાઈ નજર ભમાવીને સૌને માત્ર ભાંડવામાં જ મજા માણવી છે ! આ વાત નાનાં નાનાં દષ્ટાંતોથી સમજીએ.

## (૧) બહેન પુરુષાર્થિની અને પ્રમાદિની

એક અનાજની દુકાન હતી. તેમાં બે ભાગીદારો હતા. આખો દિવસ જે કાંઈ અનાજ વેચાય તેમાંથી બધું થોડું થોડું જમીન ઉપર ઢોળાય. સાંજે ઘરે જતી વખતે ઢોળાયેલું બધું અનાજ ભેગું કરીને તેમાંથી અડધું અડધું વહેંચીને બંને ભાગીદારો પોતાના ઘરે લઈ જાય. એકની પત્નીનું નામ પુરુષાર્થિનીબહેન અને બીજાની પત્નીનું નામ પ્રમાદિની-બહેન. પુરુષાર્થિનીબહેન દુકાનેથી આવેલા મિશ્રિત અનાજને ખૂબ ખંતપૂર્વક વીણીવીણીને જુદું કરે અને તેમાંથી રોજ નવી નવી વાનગીઓ બનાવે. જ્યારે પ્રમાદિનીબહેન બધું મિશ્રિત અન્ન ભેગું જ દળાવી નાખે અને રોજ ઘેંશ બનાવે. અને પુરુષાર્થિનીબહેનની જુદી જુદી વાનગીઓની વાત સાંભળીને બળ્યા કરે અને તેને ભાંડ્યા કરે. આવી અસમાનતા પોતાના સિવાય કોણ ટાળી શકે ?!

## (૨) વ્યસનમાંથી મુક્તિ, તો કાજુબદામની પ્રાપ્તિ

એક દાદા નેવું વર્ષની ઉંમરે ગુજરી ગયા. છેવટ સુધી તંદુરસ્ત અને લાલઘૂમ જેવા. તેમના શબ ઉપરના ઝભ્ભાના ખિસ્સામાંથી દસ-બાર દાણા કાજુ-બદામના નીકળ્યા. તે જોઈને ટીકાના હરેકબંધાણી ગાજી ઊઠ્યા કે, "મારો બેટ્ટો ! કાજુ-બદામ ઝાપટતો હોય પછી લાલબૂંદ જેવો કેમ ન હોય ?"

અરે ભાઈ, તમને કાજુ-બદામ ઝાપટવાની કોણે મનાઈ કરી હતી ? તમે તો રૂપિયા બે હજાર કમાતા હતા. પણ બધું બીડી–સિગારેટ કે ચા–અફીણમાં ઉડાડી દેતા હો તો કોઈ શું કરે ? દાદા તો ફક્ત પાંચસો જ કમાતા હતા છતાંય દસ બદામ રોજ ખાઈ શકતા હતા. કારણ કે દુર્વ્યસનોમાંથી તેઓ મુક્ત હતા. કહો, આવી વિષમતા પોતાના સિવાય કોણ ટાળી શકે ?!

## (૩) એક બંગલાવાળો અને ઝૂંપડાવાળો કેમ ?

એક શેઠને બે દીકરા. શેઠ બંનેને સમાન ભાવે ઉછેરે. એક ભણવાના બહાને સિનેમા જોવા અને રખડપટ્ટી કરવા ચાલ્યો જાય અને વાપરવા મળેલા બધા જ પૈસા ઉડાડી દઈને ઉપરથી દેવું કરે. જ્યારે બીજો, કમર કસીને બરાબર ભણે અને વાપરવા મળેલા પૈસામાંથી અડધા બચાવે. શેઠ ગુજરી ગયા પછી જતા દહાડે, રખડેલ હતો તે ઝૂંપડાવાળો થયો અને મહેનતુ હતો તે બંગલાવાળો થયો. આવી રીતે ઝૂંપડાવાળા અને બંગલાવાળા થયેલાની વિષમતા કઈ રીતે ટાળી શકાય ? ઝૂંપડાવાળો તો હજુયે કાંઈ ઉદ્યમ કરતો નથી, સિવાય કે બંગલાવાળાનો બંગલો પડાવી લેવાની યુક્તિઓના વિચાર !

"તારું–મારું સહિયારું અને મારું મારા બાપનું" એવી વૃત્તિ ઉદ્ભવવી એ જ એક મહામોટી વિષમતા છે. તેના ડાળાં–પાંખડાં રૂપે પછી તેમાંથી ઘણી વિષમતાઓ ફૂટી નીકળે છે.

## (૪) ભૂલ સુધારે, તો થા નિહાલ

એક ભાઈ પોતાની જાતે જ પોતાની ગાલ ઉપર થપ્પડો મારી રહ્યા છે અને બૂમો પાડી રહ્યા છે કે મરી ગયો, મરી ગયો; મને બચાવો. બીજા ભાઈ તેને કહે કે, પણ તું જાતે થપ્પડો શા માટે મારે છે? બંધ કર. તો પેલા ભાઈ કહે કે ના, થપ્પડો તો ચાલુ રાખીશ, મને બચાવો. આને બીજો કઈ રીતે બચાવે? તેમ –

આપણું પેટ ભરી શકતા ન હોઈએ તોય લગ્ન કરીએ અને સાત–આઠ બાળકો ઉત્પન્ન કરીએ! એ બધાની શું દશા થાય? પાછા સ્વબચાવમાં કહીએ કે, "આ તો બધી ભગવાનની લીલા છે, સૌ સૌનું ભાગ્ય લઈને આવે છે, ભગવાને દાંત આપ્યા છે તો ચાવણું આપી જ રહેશે." વગેરે. અને જો થોડી બુદ્ધિવાળા હોઈએ તો સ્વબચાવમાં એમ પણ કહીએ કે વહેલું કે મોડું વિશ્વ ઉપર એ દેશનું રાજ્ય થશે કે જે દેશની વસ્તી વધુ હશે! આમ બોલતી વખતે એટલું પણ ભાન ન રહે કે પોતાના ઘરની વસ્તી પંદર જણાની છે અને પાડોશીના ઘરની વસ્તી ચાર જણાની છે તોય આપણે પાડોશી ઉપર રાજ્ય નથી કરી શકતા; પાડોશી જ આપણા ઉપર રાજ્ય કરે છે! ભૂલને ભૂલ તરીકે ન સમજીએ ત્યાં સુધી તેમાંથી મુક્ત ક્યાંથી થવાય?

## (૫) જાત વિના ભાત નહિ પડે

સમજદાર હોવાના કારણે આપણાં બધાં ભાંડુ–ઓનો બોજો આપણે ખેંચતા હોઈએ. આખા કુટુંબનો બોજો ખેંચીખેંચીને આપણે ઠૂંઠી થઈ ગયા હોઈએ તોય આપણે ત્યાં પણ બાળકોનું ટોળું પેદા થાય! એ વિચાર જ ન કરીએ કે એમાંના કોઈની સ્થિતિ પોતાના જેવી થશે, પોતાની ઓછી સમજણ અને અસંયમીપણાના કારણે કોઈ બિચારું કાયમ માટે ગાડાનો બેલ બની જશે, કોઈ બિચારું ખીલ્યા પહેલાં જ કરમાઈ જશે!

દરવાજા મોકળા અને ખાળે ડૂચા. જે વિષમતાઓ આપણાથી ટાળી ન શકાય તેવી હોય તેની વાત નથી. પરંતુ જે જે વિષમતાઓ, અસમાનતાઓ, દુઃખો, ત્રાસો, અશાંતિઓ આપણી ઓછી સમજણ, બેદરકારી, અહમ્, દીર્ઘસૂત્રીપણું, પ્રમાદ, ઝઘડાખોરવૃત્તિ, અસહનશીલતા, અસંતોષ, દેખાદેખી, ચડસાચડસી અને અધીરના કારણે આપણું ગજું પડે છે તેની વાત અહીં કરવાની છે. ગુરુ, સંત કે ભગવાન પણ આ બધાંમાંથી બચાવી નહીં શકે, આપણે જાતે જ બચવું પડશે. આપણી ઈચ્છા હોય તો બીજાઓ આપણને આમાં માર્ગદર્શન જરૂર આપી શકે. માટે એ બરાબર યાદ રાખવાનું છે કે જાત વિના ભાત પડશે નહીં અને આપ મૂઆ વિના સ્વર્ગે જવાશે નહીં.

## (૬) "આચાર્ય"ની સ્થિતિ આવી?

કૂતરો અને કૂતરી કામવાસનાને વશ થઈને ગલૂડિયાં ઉત્પન્ન કર્યા જ કરે છે. એ ગલૂડિયાં કેવાં દુઃખી થાય છે, શેરીના ટાબરિયા તેની આંખમાં સાંઠીકડાં ખોસીને તેની કેવી કમબખ્તી કરે છે, તે અતિ કૂણાં માખણ જેવાં ગલૂડિયાંનો જન્મ જ ધૂળ-માટીમાં થાય છે અને બાજુની શેરીના ડાઘિયા તેનો કોળિયો કરી જાય છે એ બધું કંઈ જ કૂતરા-કૂતરીના ધ્યાનમાં નથી રહેતું અને કામવાસનાથી આંધળાં બનીને બસ પ્રજા ઉત્પન્ન કર્યે જ જાય છે. આ બધું તેના માટે ભલે ક્ષમ્ય હોઈ શકે. કારણ કે તે કૂતરાં છે, તે પશુ છે. પણ પોતાને પશુપક્ષીથી ઊંચાં સમજીને ફુંગરાઈને ફરનારાં મનુષ્યોની પણ એવી જ ભૂંડેહાલ સ્થિતિ?! "આચાર્ય"ની પદવી સુધી પહોંચી શકનાર મનુષ્યો પણ આવા માટીપગા? આચાર્ય એટલે કલ્યાણનું આચરણ કરનાર અને કરાવનાર. જ્યાં હજુ સ્વકલ્યાણના આચરણમાં જ બેફામ હોઈએ ત્યાં પરકલ્યાણની તો વાત જ શી કરવી? મનુષ્ય ચંદ્રલોકમાં જઈને કરવાનો તો આ જ છે ને?

મહાવિનાશક શસ્ત્રોની શોધ એ શું વિશ્વને વિલાસિતાના અસાધ્ય રોગમાંથી મુક્ત કરાવવાનું અને વિશ્વનવનિર્માણનું પ્રથમ ચરણ તો નહીં હોય ને?

આ બધી શ્રાપોના નામે ભગવાન રુદ્ર મહાભીષણ તાંડવ ખેલવા તો નહીં માંગતા હોય ને ? મહાકાળ આ રીતે વિષમતામાત્રનો ખાત્મો બોલાવવા માગતો તો નહીં હોય ને ? નેતિ... નેતિ...

## (૭) મહા કરુણ કથની !

બાલમંદિર જવાની ઉંમરવાળા પોતાના નાના બાળકને, એથી પણ વધુ નાનાં પોતાનાં બે બાળકોની જવાબદારી સોંપીને મા-બાપ આખો દિવસ કાળી મજૂરીવાળી ખેતરની દાડીએ ગયાં હોય અથવા. કમર-તોડ વાટી ખેંચવાની મરણતોલ મજૂરીએ ગયાં હોય. સાંજે ઘરે આવે ત્યારે જુવે તો મોટું બાળક જાગરૂ ગયેલી હાલતમાં ઘસઘસાટ ઊંઘે છે અને બે-ત્રણ કૂતરાં તેની ફરતે ઊભાં ઊભાં ઉજાણી ઉડાવે છે ! એનાથી નાના બાળકની નાકની લીંટ ઉપર કાગડો અમૃતનો સ્વાદ અનુભવી રહ્યો છે અને સાવ નાનું બાળક સાવ નિર્જીવ પડ્યું છે ! આ દૃશ્ય જોઈને મોટા બાળક ઉપર તેની મા, કાનમાંથી કીડા ખરી પડે તેવી ગાળો રમરમાવે છે અને બાપ દાતણની સોટી લઈને ફરી વળે છે. આ નાનાં બાળકનો શું ગુનો ? કોને ફરિયાદ કરવી ? મહા કરુણ કથની ! આ બધું વાંચવાની પણ હિંમત નથી રહેતી તો નજરે જોનારનું શું થતું હશે ? અને છતાંય તે મા-બાપના ઘરે થોડા સમય પછી એક નવું બાળક જન્મે છે ! આ ગરીબ કુટુંબને કઈ રીતે સુખી કરી શકાશે ?

## (૮) દાનત એવી બરકત !

ગંભીરરામ અને ઓછાલાલ બે ભાઈબંધ. ગંભીરરામ ઓછાલાલને ખરેખર જ ચાહે, જ્યારે ઓછાલાલ માત્ર પ્રેમનો ડોળ જ કરે. થોડા સમય પછી ગંભીરાને અમેરિકા જવાનું થયું. તેથી તે પોતાનો બંગલો ઓછાને વાપરવા આપતો ગયો. ઓછો બંગલામાં મોજથી રહે છે પણ તેની દાનત ખોટી તેથી બંગલામાં કદી કાંઈ રિપેર ન કરાવે. વિચારે કે બંગલો મારો ક્યાં હતો, ગંભીરો આવશે એટલે બંગલો પાછો આપી જ દેવાનો છે ને ? રિપેર કરાવું તો મારા પૈસા જાય. આમ અને આમ પંદર-વીસ વર્ષ વીતી ગયાં અને બંગલો તો સાવ ખંડેર થઈ ગયો. એવામાં ગંભીરનો અચાનક પત્ર આવ્યો કે હવે હું ભારત આવવાનો નથી અને મારો બંગલો હું તને ભેટ આપું છું. આ સાથે સહી-સિક્કાવાળા જરૂરી કાગળો મોકલ્યા છે. તે સંભાળીને રાખજે. આ વાંચીને ઓછો તો માથું કૂટવા લાગ્યો કારણકે જે બંગલો પહેલાં એક હજારમાં રિપેર થઈ શકે એમ હતો તે હવે લાખ રૂપિયા ખર્ચતાંય રિપેર થઈ શકે તેમ નહોતો રહ્યો, સાવ ખંડેર થઈ ગયો હતો. તમે જ કહો કે આવા માણસને માથું કૂટવા-માંથી બીજું કોણ બચાવી શકશે ? દાનત એવી બરકત !

## (૯) મોહાંધ પિતા

મોહીદાસને પોતાનો પુત્ર ખોટીદાસ બહુ વહાલો. તેઓ તેના માટે બધા ભોગ આપવા તૈયાર. પણ ખોટીદાસ ખૂબ સ્વચ્છંદી. તેનું બધું જ વર્તન પોતાના પિતાના આદર્શ-સિદ્ધાંતોથી વિરુદ્ધનું. એક મહિનામાં ત્રણ-ચાર વાર તો ખોટીદાસના ગેરવર્તનથી મોહીદાસને ખૂબ દુઃખ થાય. ત્યારે પિતા પોતાના પુત્રને ખૂબ પ્રેમથી સમજાવે, અને ક્યારેક પોતે ઘરેથી ચાલ્યા જવાની ધમકી પણ આપે. આવા પ્રસંગોએ તેમનો નોકર પ્રમાણીદાસ તેમને ખૂબ સાંત્વન આપે. બચપણથી જ આ નોકર તેમને ત્યાં ખૂબ પ્રમાણિક-પણે નોકરી કરતો અને શેઠના ઘરની અશાંતિ ટાળ-વામાં તેનો ઘણો મોટો હિસ્સો રહેતો.

એક વખત તો ખોટીદાસના અઘટિત વર્તનનો આઘાત મોહીદાસને એવો લાગ્યો કે તેઓ પોતાનું ઘર છોડીને ચાલી નીકળ્યા. પ્રમાણીદાસે તેમને ખૂબ સમજાવ્યા પણ તોય મોહીદાસ ગયા જ. તેથી નોકર પણ તેમની સાથે ચાલી નીકળ્યો.

ખોટીદાસ ઉપર આ ઘટનાની કાંઈ જ અસર થઈ નહીં, તેને તો લીલાલહેર થઈ ગઈ. કારણ કે બે જણા ટોકનારા ગયા. ઓચિંતા જ શેઠ ગુજરી ગયા. આ સમાચાર પ્રમાણીદાસે ખોટીદાસને મોકલાવ્યા.

ત્યારે ખોડીદાસનો જવાબ આવ્યો કે, "મારે મારા બાપ જોડે કાંઈ નિસ્બત નથી, તું તેને બાપ જેવા ગણતો હતો તો હવે તું જ તેમનું બધું કર." પ્રમાણીદાસે પોતાના ટૂંકા પગારમાંથી બચાવેલી રકમમાંથી પોતાના શેઠની બધી ક્રિયા પ્રેમથી પતાવી.

થોડા સમય પછી પ્રમાણીદાસના મિત્રોએ જ્યારે તેને એ સમાચાર આપ્યા કે, "તારા શેઠે પોતાની અનર્ગળ સંપત્તિનું વીલ પોતાના પુત્રના નામે જ કર્યું છે, તારા માટે એક સો રૂપિયા પણ નથી મૂક્યા !" ત્યારે પ્રમાણીદાસે જવાબ આપ્યો કે, 'એ વાત મને જણાવવાની જરૂરત જ શું છે ? પિતા પોતાની સંપત્તિ પોતાના પુત્રને જ આપે ને ?'

આ બધું લખી-વાંચીને મને, મને પોતાને જ પૂછવાનું મન થાય છે કે હવે મારે મોહીદાસ, ખોડીદાસ અને પ્રમાણીદાસની સમતા-વિષમતાનો મેળ કેવી રીતે બેસાડવો ? પુત્ર પાછળ મોહાંધ થનારા પિતાઓનોય ક્યાં તૂટો છે સમાજમાં ?

## (૧૦) તેને પાંચસો રૂપિયા આપવા કે નહિ ?

ઘણાં વર્ષે મુંબઈવાળો મિત્ર અમદાવાદવાળા તેના મિત્રને મળવા આવ્યો. સત્તર જગ્યાએ ફાટેલી ચટાઈ ઉપર બેઠાં બેઠાં બંને વાતે વળગ્યા અમદાવાદવાળાએ પોતાની બાળકીના ત્રણપગાળા ઘોડિયાની દોરી ખેંચતાં ખેંચતાં પોતાની પત્નીને બે ગ્લાસ પાણી આપી જવા કહ્યું. પત્ની પાણી આપી ગઈ; એક બાળક તેની કાંખમાં અને એક બાળક તેની આંગળીએ હતું. તેણે પહેરેલાં કપડાં તેનું પૂરું અંગ પણ ઢાંકી શકતાં નહોતાં.

મુંબઈવાળો અમદાવાદવાળાને કહે કે થોડાં વર્ષો પહેલાં તમારી પાસેથી સાંભળેલી વાતો મને ખૂબ લાભદાયક નીવડી, તેના આચરણથી હું ખૂબ સુખી છું.

અમદાવાદવાળો કહે કે, "ખરેખર જ, તેનું આચરણ ખૂબ લાભદાયક છે. એ બધી વાતો મને પૂરેપૂરી યાદ છે. સાંભળો ફરીને ગણાવી જાઉં.

"મારાં ફૂઈબા, મારાં મામી તથા મારાં બેન સુવાવડમાં ગુજરી ગયેલાં; મારાં બાને સુવાવડમાંથી ગાંડપણનો રોગ લાગુ પડી ગયેલો, મારાં માસી કસુવાવડમાં ગુજરી ગયેલાં, મારાં સાળી ગર્ભપાત કરાવ્યા પછી કાયમ જ માંદા રહે છે, મારા મિત્રનાં પત્ની કુટુંબનિરોધનું ઓપરેશન કરાવ્યા પછી તેમની સ્વાભાવિક મસ્તી કાયમ માટે ખોઈ બેઠાં છે અને મારી પડોશમાં રહેતાં એક બેનને સુવાવડમાંથી એવો રોગ લાગુ પડી ગયો છે કે કોઈ સગર્ભા સ્ત્રીને જુવે છે કે તુરત તેને ઊલટીઓ થવા લાગે છે. આ બધું મને બરાબર યાદ છે અને હું બરાબર સમજું છું કે સુવાવડ એ કેટલું મોટું જોખમ અને કેટલી મોટી જવાબદારી છે."

બીજી પણ ઘણી વાતો થઈ તેમાં મુંબઈવાળાને ખબર પડી કે પોતાના આ મિત્રની બે બેબીઓ તેની સાળીને ત્યાં ગઈ છે અને બે બાબા તેના સાળાને ત્યાં રહે છે.

આ બધા શુભ (!) સમાચારો સાંભળીને પછી પોતે વિદાય લે છે. અમદાવાદવાળો મિત્ર ખૂબ પ્રેમથી તેને થોડે દૂર સુધી વિદાય આપવા જાય છે. છૂટા પડતી વખતે મુંબઈવાળો મિત્ર પૂછે છે કે મારા લાયક કાંઈ કામકાજ ? જવાબ મળે છે કે "સગવડ હોય તો પાંચસોક રૂપિયા આપતો જા, કારણ કે એકાદ માસ પછી તારી ભાભીને સુવાવડ માટે દાખલ કરવી પડશે."

મુંબઈવાળો મુંબઈની ટ્રેનમાં બેઠો બેઠો વિચારે છે કે "અમદાવાદવાળા મિત્રને કઈ રીતે સમજાવી શકાય ? જે પોતે બધું જ સમજે છે અને બીજાને પણ સમજાવી શકે છે તેને કોણ સમજાવે ? દીવો લઈને કૂવે પડવા જાય તેના માટે શું ઉપાય ? તેના માટે તો પ્રભુપ્રાર્થના સિવાય બીજો એકેય ઉપાય સૂઝતો નથી. હે પરમાત્મા, તમે જો ક્યાંય હો તો તેની રક્ષા કરજો."

આ વાત વાંચનારાં અને સાંભળનારાંઓની પણ એક ફરિયાદ છે કે, "યોગભિક્ષુ ! તમે ઘણું બધું કહ્યું પણ મુંબઈવાળાએ અમદાવાદવાળાને પાંચસો રૂપિયા આપ્યા કે નહીં તે તો તમે જણાવ્યું જ નહીં ! અમને તો બીજા બધા કરતાં એ જાણવામાં વધુમાં વધુ રસ છે."

પરંતુ મારે જ તમને સૌને એ પૂછવાનું છે કે તેને પાંચસો રૂપિયા આપવા જોઈએ કે નહીં ?

## (૧૧) મારે ત્રણ ઉપવાસ પડશે !

હું બસમાં ડાકોર જઈ રહ્યો હતો. મારી બાજુમાં સંપૂર્ણ સ્વચ્છ કપડાં પહેરીને નાકે રૂમાલ દબાવીને એક ભાઈ બેઠા હતા. તેમની બાજુમાં મેલાંઘેલાં એક માજી બેઠાં હતાં. પેલા ભાઈએ મને પૂછ્યું, "આપને ક્યાં જવું છે ?" મેં કહ્યું, 'ડાકોર, એક મિત્રને ત્યાં. તમારે ક્યાં સુધી જવું છે ?" તેઓ કહે, "ડાકોર, રણછોડરાયનાં દર્શને." એમ કહીને તેમણે આગળ ચલાવ્યું "હું મરજાદી ધર્મ પાળું છું. અમારે ખૂબ કડક નિયમમાં રહેવું પડે ડાકોર પહોંચીને તુરત આ બધાં કપડાં કાઢી, સ્નાન કરી બીજાં અબોટ વસ્ત્રો પહેરીને પછી મંદિરે દર્શન જઈશ. અમે કોઈનો સ્પર્શ પણ ના કરીએ."

બસ તો ધમધમાટ આગળ વધી રહી છે. તે ભાઈ વારે વારે તેમની બાજુમાં બેઠેલાં માજી સામે સૂગભરી દષ્ટિએ જુએ છે, નાક પરનો રૂમાલ વધુ ભીંસે છે અને મારી તરફ જ ખસતા બેસવાનો પ્રયત્ન કર્યા કરે છે. બસ પૂરવેગે આગળ ધસી રહી છે. હવે વીસેક મિનિટમાં ડાકોર પહોંચી જવાશે એટલું અંતર બાકી છે. ત્યાં તો તે ભાઈને ભયંકર વેગ સાથે ઊલટી થઈ. એ જોતાં જ હું પણ ભયંકર વેગ સાથે મારી સીટ ઉપરથી ઊભો થઈ ગયો જેથી મારાં કપડાં ન બગડે. તે દરમ્યાન તેમને બેત્રણ વખત ઊલટીના કોગળા બહાર નીકળી પડ્યા. તેમની ઊલટીના એઠવાડથી તેમનાં પોતાનાં અને મેલાંઘેલાં માજીનાં કપડાં લથપથ થઈ ગયાં. તે ભાઈને તો ઊલટી વખતે ખાસો ત્રાસ પડેલો. તે વખતે હું તો તેમનાથી ખાસ્સો દૂર ઊભો હતો પરંતુ પેલાં માજી "ભઈલા, ખમ્મા તમને; બાપલા, ખમ્મા તમને" એમ બોલતાં જાય અને તે ભાઈના બરડે પ્રેમભર્યો હાથ ફેરવતાં જાય. ભાઈને જરા શાંતિ થઈ એટલે માજીએ પોતાનાં કપડાં પરનો ઊલટીનો એઠવાડ ખંખેરી નાખ્યો અને પોતાના સાડલાના એઠવાડ વગરના એક છેડાથી તે ભાઈનાં કપડાં પરના એઠવાડને સારી રીતે સાફ કરી નાખ્યો : અને તેના મોંઢા પરના એઠવાડને પણ પોતાની હથેળીએથી સાફ કરી નાખ્યો. ત્યાં સુધીમાં ડાકોર આવી ગયું હતું. સૌ ઊતરવાની તૈયારી કરતાં હતાં. પેલા ભાઈ માજીને પૂછી રહ્યા હતા, "તમે કેવાં છો ? મારે ત્રણ ઉપવાસ પડશે !"

માજી કેવાં છે તે તો તેમના આચરણ ઉપરથી ખબર પડી જ જતી હતી, પૂછવાની જરૂર જ ક્યાં હતી ?

સમતા-વિષમતા વિષેનાં લખાણો લખનાર હું તો તે વખતે મારી, પેલા ભાઈની અને માજીની સમતા-વિષમતા વિષેની સમજને મારી ફૂટપટ્ટીથી માપવાનો પ્રયત્ન કરી રહ્યો હતો પણ મારી ફૂટપટ્ટીનું ગજું કેટલું ?

## (૧૨) જેનું બીજ તેનો માલ ?!

એક ભાઈ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પછી થોડા જ સમયમાં, પોતાના જક્કી સ્વભાવના કારણે પત્નીથી રિસાઈને ચાલ્યા ગયા. એ વખતે પત્ની સગર્ભા હતી. યોગ્ય સમયે પુત્ર જન્મ્યો.

જનક તો થતાં પહેલાં જ નાસી ગયો. માતા ગરીબ. દળણાં-પાણી કરીને પુત્રને મોટો કરે. ગરીબ માનો દીકરો બાળમંદિર જવા લાગ્યો, નિશાળે જવા લાગ્યો. બધો ખર્ચ કાકા આપે. દીકરો હાઈસ્કૂલ જવા લાગ્યો. કાકા, મામા, દાદા સૌ ખૂબ પ્રેમપૂર્વક પાલનપોષણ કરીને ઉછેરે.

નાસી ગયેલા બાપે પાછા આવી કોર્ટમાં ફરિયાદ કરી, છોકરો મારો, હક્ક મારો. કોર્ટે અને સમાજે તેના

હક ઉપર સિક્કો મારી દીધો, તેનો હક માન્ય રાખી દીધો. ન કોઈ છોકરાને કે તેના કાકા-મામાને કે તેનાં દાદા-દાદીને પૂછવા આવ્યું. જનક પિતાના હક્કો સિદ્ધ થઈ ગયા. પાલક-પોષક પિતા લટકતા રહી ગયા. ખેતર ભલે ગમે તેનું હતું, મહેનત-મજૂરી ભલે ગમે તેણે કરી પરંતુ જેનું બીજ હતું તે માલ લઈ ગયા અને અન્ય લટકતા રહી ગયા.

સમાજ અને કાયદાની માન્યતાની વિષમતાના લેખ ઉપર કોઈ મેખ મારી શક્યું નહીં.

આવી આવી વિષમતાઓનાં દૃષ્ટાંતોનો તો કોઈ પાર નથી. આવી વિષમતાઓ પોતાના સિવાય અન્યથી ટળશે નહીં. મિલ, કારખાનાં વગેરે સ્થાનો જ્યારે વિકરાળ પ્રચંડ આગના સપાટામાં આવે છે ત્યારે તે આગને શાંત કરવા માટે બંબાવાળાઓને બોલાવવા પડે છે. જ્યારે ઘરમાં નાની આગ લાગે છે ત્યારે ઘરમાંથી જ બે-ચાર ઘડા પાણી લઈને આપણે જાતે જ તેને બુઝાવી દઈએ છીએ અને જ્યારે આપણાં કપડાંમાં આગનો કોઈ તણખો પડી જાય છે ત્યારે આપણે તેને હાથથી મસળીને ઓલવી નાખીએ છીએ.

જ્યાં બંબાવાળાની જરૂરત હોય ત્યાં બંબાવાળાને જરૂર બોલાવીએ પરંતુ આપણાં કપડાંમાં પડેલા તણખાને ઓલવવા માટે કોઈ બંબાવાળાને બોલાવાય નહીં. તણખાની આગને ઓલવવાની આપણી ફરજ બજાવવામાં આપણે બેદરકાર રહીએ છીએ તેથી જ એ કાર્ય બંબાવાળાએ કરવું પડે એટલું બીભત્સ થઈ જાય છે. સૌએ પોતપોતાના ક્ષેત્રનું, પોતાની દિશાનું અને પોતાને ભાગે આવતું કાર્ય પોતે જ સંભાળવું જોઈએ. આપણે પૃથ્વી ઉપર રહીએ છીએ તેથી પૃથ્વી ઉપરની જ વાતો કરવી પડશે. આકાશ-કુસુમથી સુગંધ નહીં પમાય !

વ્યક્તિગત બાબતમાં અને વ્યક્તિગત પ્રયત્ન થઈ શકે તેમ હોય તેવાં ક્ષેત્રો અને દિશાઓમાં પણ આળસ, આડોડાઈ, અહંકાર, ફેશન, આધુનિકતામાં ખપવાની ડાકણનું વળગણ વગેરે અનેક પ્રકારનાં ગાંડપણ અને ઘેલછાભર્યા ખ્યાલો તથા પૂર્વગ્રહોના કારણે આપણે શાંતિ અને સમતા માટેના પ્રયત્નો નથી કરતાં તેથી અશાંતિ અને અસમાનતા એટલી હદે વકરે છે કે પછી મોટા મોટા ધુરંધરોના કમરતોડ અથાગ દીર્ઘકાળના પ્રયત્નો છતાં સફળતા નથી મળતી. સૌ પોતાનાં કપડાંની આગ પોતે ઓલવી નાખે તો બંબાવાળાની જરૂરત જ શું ? જેઓ આવી ઊંડી વાતો ન જાણતાં-સમજતાં હોય તેમનો તો અફસોસ શું કરીએ ? પરંતુ આવું બધું જે જાણે છે છતાંય જેઓ તેનો અમલ નથી કરતાં તેમને વિષે શું કહેવું ?! "સૌનું કરમ" એમ જ કહેવું પડે ને ? ભલે કર્મના સિદ્ધાંતમાં ન માનતા હોઈએ તોય !

"નિષ્કામ કર્મયોગ કરવાથી જગતમાં શાંતિ ફેલાય છે. નિષ્કામ કર્મયોગનું જે આચરણ કરે છે તેઓ પણ જગતનું એક અંગ જ છે. તેમાં સહાયતા કરનારા પણ જગતનું એક અંગ જ છે. અને તે સર્વેની ચિત્તશુદ્ધિ થવાથી તેઓના ચિત્તમાં શાંતિ-સમાધાન પ્રવર્તે છે." ॥ ૬ ॥

"તમે તમારી શ્રદ્ધાના જોરે મારી સહાયતા આકર્ષીને સ્વશક્તિ જગાડી લ્યો છો – ઉત્તેજિત કરી લ્યો છો." ॥ ૭ ॥

"આરામ એટલે આ-રામ (રામ આવો). વિરામ એટલે આ-રામને પ્રાપ્ત કરવામાં, કલ્યાણને પ્રાપ્ત કરવામાં જેટલો સમય વ્યતીત કરીએ એ." ॥ ૮ ॥




क्लेश, कर्म, कर्मों के फल और वासनाओं से विमुक्त असा विशेष चेतन (वेही अेक मात्र) अीश्वर हैं। अीश्वर संपूर्ण सर्वज्ञ हैं। अीश्वर त्रिकालिन गुरुओं के भी गुरु हैं; काल से अुन का छेदन-भेदन नहीं हो सकता। अीश्वर का नाम प्रणव (ओम् = ॐ) है। ओम् का सार्थक जप करने से आत्मसाक्षात्कार होता है और अन्तरायों का अभाव हो जाता है।

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :**
**ઓમગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ**
૧૨૮, શ્રીકુંજ સોસાયટી, રત્નાપાર્કની પાછળ,
ઘાટલોડિયા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.
(રજિ. નં. ઈ/૪૪૧૬ તા. ૧૧-૫-૮૧)
આઈ.ટી.ઈ.યુ. ૮૦-જી નં. એચ. ક્યુ. iii
૩૩-૪૩/૮૬-૮૭ માર્ચ ૧૯૮૯ સુધી

**આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા** | પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

**ટ્રસ્ટી મંડળ :**

**ચેરમેન** : ડૉ. સોમાભાઈ એ. પટેલ
**જનરલ સેક્રેટરી** : વજુભાઈ પટેલ
**ખજાનચી** : દેવચંદભાઈ વી. પટેલ
**ટ્રસ્ટી** : રોહીતભાઈ બી. સુખડીયા
દામોદરભાઈ એ. પટેલ
ભારતનભાઈ મર્ચંક
નૈષધભાઈ વ્યાસ

**ટ્રસ્ટના ઉદ્દેશો :**

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતનતત્ત્વ કે જેનું નામ પ્રણવ: (ઓમ-ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા [illegible]ાર અને પ્રસાર માટે પ્રયત્ન કરવો. (૪) આ ઉ[illegible]ાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય' ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

**વાચકમિત્રોને :**

'ઋતમ્ભરા'ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી નૈષધભાઈ વ્યાસ
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

---

**મુદ્રક** : ઉમા પ્રિન્ટર્સ
દરિયાપુર ચારરસ્તા, ટાવર પાસે, અમદાવાદ
**ટાઇટલ** : મોના આર્ટ પ્રિન્ટર્સ, ઓઢવ, અમદાવાદ.
ફોન : ૮૮૭૨૨૩

**મુખપૃષ્ઠ** : શ્રી કિશોરભાઈ મકવાણા

PRINTED BOOK

To,

From :-
ઓમગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ,
૧૨૮, શ્રીકુંજ સોસાયટી, રત્નાપાર્ક પાછળ,
ઘાટલોડિયા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.